# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન — જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૨૨ • તા. ૧૦ નવેમ્બર થી ૧૬ નવેમ્બર ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


## સર્વેને નૂતન વર્ષાભિનંદન

# હલો નલિયા...

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન આયોજીત

જ્ઞાતિનું ચતુર્થ સંમેલન



યજમાન :

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલિયા

-: સ્થળ :-

શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલિયા, અબડાસા, કચ્છ.

**તારીખ**

**૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બર ૨૦૧૮**

દિલ પર હુમલો થયો ને દિલ તૂટી ગયું.
કોઈ કહે છે એનું મનોબળ ખૂટી ગયું
ખોટી બૂમાબૂમ છે, આ દિલના ડોક્ટરોની
એતો તમે યાદ આવ્યાને,
બિચારું એક ધબકારો ચૂકી ગયું.

\- અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

**Sure Safety®**

Complete Safety Solutions

PPE Training Consulting & Services

# અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સમાજ એટલે સંગઠન બળ

કોઈક વિચારકએ ખરૂં કહ્યું છે કે ''સમાજ એટલે શું?'' સમાજ એટલે લોકોનું સંગઠન બળ, કોઈ એક વિચારને પોતાની તાકતથી બળથી, મદદ પૂરી પાડવી એટલે સમાજને ટેકો પૂરો પાડવોએ જોકે એક એક જ્ઞાતિજન વિચારે તો પ્રગતિ સડસડાટ ઉપર ચડે.

આ માટે એક દાખલો જોઈ તો. એક મોટીવેશનલ વક્તા સંગઠનના બળમાં શું તાકાત હોય છે એ શ્રોતાને બતાવવા માંગતા હતા, સમજાવવા માંગતા હતા. એટલે એક ખુલ્લી બરણી મંગાવી અને એમાં દરિયાઈ ઝેરી જીવ કરચલા ખૂલ્લી બરણીમાં મૂક્યાં અને પોતાનું સંભાષણ આગળ વધારતા રહ્યા પણ, સૌ શ્રોતાઓની નજર ખૂલ્લી બરણી તરફ હતી. સૌની ચિંતા હતી કે આ દરિયાઈ જીવ બાહર નીકળી આમ તેમ ફેલાઈ જશે, કોકને કરડી જશે.

શ્રોતાઓનું ચિંતિત માનસ સમજી એમણે કહ્યું, આ બરણીથી કોઈ કરચલો બાહર નહીં આવી શકે કારણ ઈર્ષા. જે કરચલો બાહર નીકળવા મથશે તેને નીચેથી પગ ખેંચી બીજો તેને અવરોધાશે. આમ કોઈ ઉપર નહીં ચડી શકે.

આ દરિયાઈ જીવ જેવો માનસ સૌ વ્યક્તિઓનો હોય છે. કોઈ એક જણ દોરેલા દાયરાથી બાહર નીકળી રહ્યો છે. આગળ વધી રહ્યો છે. સમાજને ઉપર લાવવાનો પ્રયાસ કરે છે. તેને પાડવાનો સ્વભાવ સૌમાં વણાયેલો છે. સમાજનો વિકાસ માટે તેને નીચેથી ટેકો આપી ઉપરની તરફ ધક્કો આપવો જોઈએ કે તેના પ્રયત્નોને વધાવવો જોઈએ તો જ સમાજને નવી દિશા મળે, સમાજમાં નવી હવા આવી શકે.

આમ એક સામાન્ય દાખલાથી તે મોટીવેશનલ સ્પીકર સમાજ જનોને બહુ મોટી વાત શીખવી ગયા. સંપ એ સમજનો પાયો છે. આ પાયો મક્કમ ન હોય, આધાર રૂપ ન હોય તો, ઈમારત ઊભી થઈ શકતી નથી કે ઊભી થયેલી ઈમારત ટકી શકતી નથી. આમ સંપ અને સંગઠનનું બળ કોઈ પણ સંસ્થા માટે જરૂરી છે. કોઈ પણ વિચાર એક જણનો ભલે હોય,પણ તેને ટેકો સર્વે જણનો હોય છે. તેથી જ એ વિચાર કે સંકલ્પ કે સ્વપ્ન સાકાર થઈ શકે છે.

જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# PAPPA SATISFIES TEENAGER'S CURIOSITY ABOUT KDO GYATI



Nishith Dand with Daughter Malika

**Dear Gnyati Vadils, Brothers, Sisters and Friends,**

I am writing my first general communication to the gyati under an open sky full of stars on the day of sharad poonam in the forest of Jambughoda, while my daughter a 17 year old teenager is cooking for us. We are camping out and shall stay at the forest overnight and this is really after a long time that I am alone with my daughter and we had some interesting conversations.

Before Malika started cooking, we were generally talking and she suddenly made a statement. "Dad, do you know that lately you have become "air daddy". I asked her what she meant by this phrase since I had never come across it! Malika explained, "It is something which can't be seen but something you cannot live without"! I laughed and said Why do you say that ? She replied; You are hardly at home, even on the weekends you are just out .. and majority of the times when I ask mom of your whereabouts, she says that you have been out for some KDO Samaj work ! Can you please explain what is it that you do for this samaj, kdo .. what is your job role…

I said "Beta, we belong to a community called KDO, and I am trying to contribute my bit for community development ". Dad, I know we are KDO but what's the big deal, what is KDO..? Beta KDO stands for Kutchi Dussa Oswal and historically we have originated from Rajasthan and then went onto settle in Kutch. There were difficult times in kutch due to its geographical …….. and constant famines and draughts that our ancestors faced which forced families to migrate at various places across the country for earning.

Ohh is that so..Yes beta our ancestors faced really difficult times, they worked very hard and that is why we are what we are!

**Dad so where all is KDO and how did we become a community? What is samaj ?**

KDO are now in more than 150 indian towns and about 30 international locations , by definition if there are more than 10 KDO homes in a town or city; it is called a mahajan . and we have 150 Mahajans in India. Most of these mahajans have physical assets like derasar, community halls and some also have schools and panjrapods (cow shelters or cow orphanage )etc. SAMAJ (community)is a group of people with same beliefs and largely they originate from the same gene pool.

Our ancesstors left a great legacy, there were people like narsin natha and many more icons like him who got our gnyati, samaj together and formed KDO. They worked hard and established the mahajans and then so many people carried on with the legacy.

**But whats the use of these mahajans and such a network ?**

Malika, it is said that for every human first comes his/her family , then is the community and then the country. This social structure gives so many things to the human life - it gives support, fellowship, networking and also a sense of belonging. Imagine a world without communities!

Dad.. this is a little confusing and I am not clear on your mahajan concept; but can you explain to me that why are you so busy always in samast mahajan and what is your aim ?

I explained to you earlier the definition of mahajan. samast mahajan was created in 1991 by various majahans through a systemic approach called the : gnyati samelan. This organisation was set up for establishing a sort of federation or a common link to all mahajans and act as a central coordinating agency . Its aim is to govern the policies which are commonly accepted.

**The samast mahajan is understood but whats your role and how does this organisation run? do you pay any fees or have membership to be part of the samaj?**

Beta, there is a system which is created to run this organisation by our visionary leaders in the past

# PAPPA SATISFIES TEENAGER'S CURIOSITY ABOUT KDO GYATI.. (CONTD. FROM PG.4)



. there is a constitution just like the government and there is a mahasamiti like our indian parliament. the mahasamiti is a group of representatives from all over india mahjans , so simple mahajan is the body of kdo living in various cities and mahasamiti is group of selected people from these mahajans . thus the goal of mahasamiti is to discuss and create community vision on all india basis .they carry the thoughts of kdos from all over and discuss in mahasamiti meetings . There is a very small token fee of 51 rupees annually called Lawajam but the sansthas are largely run by donations.

**O this seems to be very syatematic and well organised approach !**

Yes, and as you asked what is my role ? I am the secretary general of samast mahajan. this role of secretary general is very critical, all communities are bounded by relation unlike systems alone; especially as this is a ethinic community and thus the importance of relations, ethinicity , and culture is so important . our culture and legacy is fast vanishing and its important to keep us all bonded.the job is to keep designing and implementing samast mahajan mandates, goals and visions; to keep the system of trust board and governance running. This role is given to me because there is a belief that I will be able to justify the job and it is voluntary .

To answer your question why I am so busy..beta..like many initiatives, samast mahajan was a good initiative but as it lying low since 3 decades, I am with my trust board working 24x7 to revive this important network .

Dad : what will you get after so much stress , so much compromise .you spend your time money and energy just to revive this organisation and build a central community network .?

Yes

But why ?are you after name and fame , you already a cii chairman and the space suit man of india ,a self made business man, you are passionate about the biodiversity and you have already formed PAGDAND and putting back something in society – the importance of which you have always imbibed in me.

Dear malika first of all…I am not chasing anything which you said, no fame nor name .i feel it is our moral responsibility to work for our community as we are genetically indebted to this community .we are born in this community and have a strong culture and history as our legacy .the community gives us identity .it is not only our job to make this identity strong, but it is our duty to work for sustenance of our community

To anwer your other question why me ? beyond the fact that its my duty , our community is the only community which respects and appreciates community workers , I get immense satisfaction and meaning of life through this work.

**How is KDO an opportunity**

Social security is a key to any individual or a community, if you are secure your approach towards society becomes optimistic and progressive and you are neither defensive nor are you majorly worried! Now having said that KDO being a small close knit community it's easier to manage. We are a mapped community through a vasti patkrak system where each community member has a unique id and its available digitally and also in print ..its like own AADHAR card ..now once we are all mapped, it becomes easier to craft and draft various schemes and thereby provide a strong social security to people at large .imagine that how would it be that if a KDO is born and he /she comes with amazing security

## PAPPA SATISFIES TEENAGER'S CURIOSITY ABOUT KDO GYATI.. (CONTD. FROM PG.4)

cover called the community social security and he has no worries about his/her sustenance ..How free will the individual be and able to create what they want, study what they want and above all be a secure human being.

Dad that could be amazing if all can be covered ? we will be unique

Yes and that's an opportunity and my dream..

That's interesting ? what are your other vision and dreams for KDO ,

My vision is to make a KDO a global benchmark of community development,

which will lead to a very strong sustainable community

@ to provide social security to all KDO

@ to establish a single window KDO global center which caters to queries and becomes a platform to engage.

@to create a national medical fund (preferably through crowd funding)

@ to create a national women and youth sangathan and ensure sustainability of our sangathan

@to strongly create a system for sustainability of kutch mahajans .

@to create a strong B2B platform for KDO brothers and sisters .

@ to create a sustainable samast mahajan to administer community initiatives

There are many smaller initiaves in the area of senior citizens , gnyati divyangs and much more which will also be taken.

**What about education and business networking etc?**

Yes they are all on the scheme but all these initiatives will be part of samast mahajan committees and as things develop we shall develop various initiatives ?

What is this whole thing called gnyati samelan which you always talk about ..

The gnyati samelan is a largest platform of our gnyati, this is basically a gathering of our community through a systematic approach, we have representatives from all over the country , basically from all mahajans,150 plus mahajans, a representative from every 10 houses , so we are 8000 families roughly and thus 800 of pratinidhis from all over the cimmunity . we will also have 200 odd entities and many other visitors totalling about 1500 people.

This year the samelan also has two parallel events NARI SHAKTI 2018 and YOUTH FEST 2018. GATHERING OF WOMEN AND YOUTH FROM OUR COMMUNITY.

What is the ovjective of the saemlan ..??

The objective of samelans are ..

To discuss and rectify key initatives of our community

To gather public opinion on such programmes

To brainstorm about new requirements and initatives

To network with our gnyati brothers and sisters from all over india

To launch gnyati vision and programmes

To reward gnyati achievers

**This calls for a lot of co-ordinations ?**

Yes it does and that's why your dad has become air daddy..

**Is the community supporting this ?**

Yes , there is huge support as this samelan is after 27 years ,and people at large are very eager for this , yes some people also have different view but that's all part of the family .people can have different views but ultimately everyone knows that this is all for the community !

**Aren't you afraid of the criticism?**

Yes and no ..yes because I am a human with human emotions , as all feel bad I too feel bad and hurt if someone criticises, but I am not afraid because I am clear in my vision. On the path of service, there are bound to be stones and thorns; but ultimately there is a sunrise which will bring you immense satisfaction.

Good luck dad, I really got an insight in the world of KDO , I wish you all the success and may god fulfill your dreams . I am proud to be a KDO now.

# પપ્પા પુત્રીની કે.ડી.ઓ. જ્ઞાતિ વિષેની જીજ્ઞાસા સંતોષે છે

**શ્રી નીશિથભાઈ દ્વારા રજૂ થયેલ વાર્તાલાપનો ભાવાનુવાદ કરતા રાજેન્દ્ર મણીલાલ ખોના**

સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નીશિથભાઈ હરવા-ફરવા તથા વન પર્યટનના જબરા શોખીન જીવ છે, જેના માટે તેમણે એક સુંદર મજાની જીપ ગાડી વસાવી છે. જે ઓટોમેટીક તંબુમાં પરિવર્તિત થઈ શકે આવી જ એક સહેલ દરમ્યાન તેમની સુપુત્રી મલ્લિકાના યુવા હૃદયમાં સ્ફુરેલ જ્ઞાતિ પ્રત્યેના વિચારોનો સંવાદ તેમણે અંગ્રજીમાં આપની સમક્ષ રજૂ કરેલ છે. આશા છે સર્વેને ખૂબ જ ગમશે.

આપણા સામાજીક કામોમાં સેવા આપતા લોકો કેટલા વ્યસ્ત હોય છે. તેના એક સુંદર દાખલારૂપ તેમની પુત્રીએ તેમને ''AIR DADDY'' નું ઉપનામ આપ્યું છે. એટલે કે અવકાશી પિતા. હવે આપની સમક્ષ પત્રનો ભાવાનુવાદ રજૂ કરૂં છું.

પ્રિય જ્ઞાતિવડીલો, ભાઈઓ, બહેનો અને મિત્રો.

દિવાળીનું વેકેશન મનાવવા અમે જાંબુધોડાનાં જંગલોમાં ફરવા ગયા હતા, ત્યાં રસોઈ બનાવતા ૧૭ વર્ષની મલ્લિકાએ એક સવાલ મૂક્યો કે, 'પપ્પા આ કે.ડી.ઓ. સમાજ શું છે? અને ત્યાં તમારા કામમાં તમારે શું ભાગ ભજવવાનો છે?'

મેં કહ્યું, 'આપણે બધા જે જ્ઞાતિ સાથે સંકળાયેલા છીએ તેને કે.ડી.ઓ. કહેવામાં આવે છે અને હું ત્યાં આપણી જ્ઞાતિના વિકાસ માટે મારા હિસ્સાનું યોગદાન સદભાગી બનીને કરૂં છું.' ત્યારે પુત્રીએ કહ્યું કે, 'પપ્પા આપણે કે.ડી.ઓ. છીએ તે મને પણ ખબર છે 'પણ કે.ડી.ઓ. એટલે શું?' ત્યારે પપ્પાએ કહ્યું, 'બેટા, કે.ડી.ઓ. એટલે કચ્છી દશા ઓશવાલ અને ઐતિહાસિક પ્રમાણ પ્રમાણે આપણે રાજસ્થાની રાજપૂત હતા અને કાળક્રમે ત્યાંથી પ્રયાણ કરી કચ્છમાં આવીને સ્થાયી થયા છીએ. જ્યારે કચ્છમાં ભૌગોલિક રીતે કપરી પરિસ્થિતિઓ સર્જાઈ ત્યારે આજીવિકા અને ટકી રહેવા માટે મૂળભૂત વડવાઓ કચ્છ છોડી ભારતભરમાં મુંબઈ સહિતના અનેક સ્થળોએ રહેવા લાગ્યાં આના માટે મૂળભૂત કારણ તો વારંવાર પડતા દુષ્કાળો જ હતાં.' ત્યારે પુત્રીએ કહ્યું, 'અરે એવું હતું.' ત્યારે પિતાએ સમજાવ્યું 'હા બેટા આપણા વડવાઓએ ખૂબ જ તકલીફભર્યા સમયો જોયા અને વેઠ્યા છે. અને તેમણે કરેલી મુશ્કેલ જહેમતોને કારણે આપણે આજે જેવા દેખાઈએ છીએ એવા બન્યાં છીએ.'

પુત્રી : 'પપ્પા હવે બધા કે.ડી.ઓ. ક્યાં છે? અને આપણે એક જ્ઞાતિ છીએ જ્ઞાતિ અને સમાજ એટલે શું?'

પપ્પા : 'દિકરા અત્યારે આપણે ભારતભરમાં ૧૫૦ ગામોમાં અનેક આખા જગતમાં ત્રીસ જેટલી જગ્યાએ વસેલા છીએ. જેને વ્યાખ્યારૂપે જે ગામમાં કે.ડી.ઓ. ના ૨૫ (પચ્ચીસ) ઘરો છે તેવા ગામોના કે.ડી.ઓ.નું સંગઠન મહાજન તરીકે ઓળખાય છે. અને આપણી પાસે ૧૫૦ મહાજનો અસ્તિત્વમાં છે. આવા મહાજનો પાસે દેરાસર, પોતાની મિલ્કતો છે જેવી કે કમ્યુનીટી હોલ, મહાજન વાડી, સ્કુલ, પાંજરાપોળ વગેરે વગેરે. સમાજ એટલે વ્યક્તિઓ સમૂહ તેમની માન્યતા અને મોટા ભાગે એક જ જનસમૂહથી સંકળાયેલા લોકો આપણા વડવાઓએ પોતાની પાછળ ભવ્ય વિરાસતનો વારસો મૂકેલો છે. તે જમાનામાં કેટલાક લોકો અને સારા જ્ઞાતિ પ્રેમીઓએ કે.ડી.ઓ. સમાજ તથા મહાજનોનું માળખું ઉભું કરવા ખૂબજ જહેમત ઉપાડી છે. ત્યારે આજના મહાજનો અસ્તિત્વમાં આવ્યા છે.'

પુત્રી : 'પણ પપ્પા આવા મહાજનો અને તેમના સંકલનનો ઉપયોગ શું?'

પપ્પા : 'મલ્લિકા, બેટા જો દરેક માણસ માટે પોતાનો પરિવાર સર્વ પ્રથમ જરૂરિયાત હોય છે. ત્યાર પછી સમાજ અથવા જ્ઞાતિ તથા ત્યાર બાદ આખો દેશ જ્યાંનો તે નાગરિક છે. આ રીતનું એક સામાજીક માળખું ઘડાયેલું છે. જે માળખું તમને સપોર્ટ એટલે કે સહાયભૂત થવું, એકબીજાની પરસ્પર નિકટતા સાધવી તથા એકબીજાનો આદર-સત્કાર કરવાની ભાવના જગાવે છે. તમે સમાજ કે જ્ઞાતિ વગર વિશ્વની કલ્પના કરી શકો છો?'

(વધુ આવતા અંકે)

# S.M. REQUIRE IT VOLUNTEERS FOR SAMMELAN WORK

**SAMAST MAHAJAN REQUIRES IT VOLUNTEERS FOR SAMMELAN RELATED WORK ON WEEKDAYS BETWEEN 4 TO 8 PM WITH THEIR LAPTOPS.**

**KINDLY CONTACT :**

**SAMAST MAHAJAN OFFICE**

**MOB. NO.: 97699 91922**

## જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ

## www.kdosamastamahajan.org




**આમાં છેલ્લામાં છેલ્લો અંક ઉપરાંત અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે**

**પીડીએફ નકલ ડાઉનલોડ કરી પ્રિન્ટ હાથ વગી કરી શકશો**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ દ્વારા સરસ્વતી પૂજન કરાયું



શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જિદબંદર જૈન સંઘ દ્વારા શ્રી અનંતનાથ જિનાલય ઉપાશ્રયમાં તા.૪.૧૧.૨૦૧૮ ને રવિવાર આસો વદ ૧૨ (વાઘબારસ) ના સવારે ૯.૩૦ કલાકે શ્રુતદેવી મા સરસ્વતી પૂજનનું આયોજન સંઘના ભાઈ-બહેનો દ્વારા પ.પૂ.સાધ્વીજીશ્રી નંદિવર્ધનાશ્રીજી મ.સા.આદિ ઠાનાઓ તેમજ યતિ શ્રી મોતિ સાગરજી મ.સા.ની નિશ્રામાં રૂડી રીતે સંપન્ન થયું.

પૂ.સાધ્વીજી પુણ્યવંતાશ્રીજી મ.સા. ના મધુરકંઠે માતાજીના વિવિધ ભક્તિ ગીતો/સ્તવનો તથા પૂ.સાધ્વીશ્રી પ્રસમરસાશ્રીજી મ.સા.તથા પૂ.રાજનંદીનીશ્રીજી મ.સા. વિધિપૂર્વક સૂત્રો,અષ્ટપ્રકારીપૂજા ભાવપૂર્વક કરવામાં આવેલ.





# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ દ્વારા સરસ્વતી પૂજન કરાયું (૮મા પાનેથી ચાલુ)





કારતક સુદ એકમના દ્વારોદ્ઘાટનનાં વિવિધ ચડાવાઓ સંઘના ભાવિકોએ ઉલ્લાસપૂર્વક ઉછામણીથી લાભ લીધેલ સાથે અનુષ્ઠાન દરમ્યાન માતાજીને ચૂંદડી/વસ્ત્રો,અલંકાર,ફૂલહાર,આરતી ઇત્યાદિનો લાભ વિવિધ પરિવારોએ શ્રદ્ધાપૂર્વક ચડાવા દ્વારા લીધેલ.

આજના દિવસે મુંબઇ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતાના જન્મદિન નિમિત્તે લાડુની પ્રભાવના, ૧૦ રૂ.શ્રી તિલકભાઈ જેઠાભાઇ મૈશેરી,૧૦ રૂ. અ.સૌ.ચંદનબાઈ નારાણજી ગોશર,ભાંડુપ એમના સુપુત્ર પરેશ ગોશરના જન્મદિન નિમિતે,બોલપેન:મસ્જિદબંદર જૈન સંઘ તરફથી તથા બોલપેન-શ્રી નિરંજન કેશવજી મોમાયા, વરાડીયા, સેલોટપ-કિરણ લઘુભાઈ લોડાયા, સાંયરા તરફથી પ્રભાવના કરવામાં આવેલ.

શ્રી અનંતનાથ દાદાના ચ્યવન કલ્યાણક અનુષ્ઠાન ની ડી.વી.ડી (સી ડી) ભાઈશ્રી યોગેશ પટેલ તથા તેમના સુપુત્ર ધાર્મિન દ્વારા પરિવારદીઠ ભેટ આપવામાં આવેલ.

અનુષ્ઠાન બાદ શ્રી મસ્જિદબંદર સંઘ દ્વારા અનંત નિવાસમાં સાધર્મિક ભક્તિનું સુંદર આયોજન કરવામાં આવેલ.






આશ્વ એથનિક્સ
પ્રસંગ પરિધાનનું મથક
શેરવાની • કુર્તા • જેકેટ્સ • સુટ
પુરૂષોની પ્રથમ પસંદગી
ગ્રાહકની ઈચ્છા માંગ અને
જરૂરિયાત અનુરૂપ
પૌરૂષત્વને નિખારતું પરિધાન
એકવારની મુલાકાત –
સદાયનો થશે સંગાથ
ફેક્ટરી આઉટલેટ
બી–૫૭, શાંતિ ઈન્ડસ્ટ્રીઝ,
સરોજીની નાયડુ રોડ,
તાંબેનગર,
મુલુંડ(વેસ્ટ)
વિશિષ્ટતા
કસ્ટમાઈઝડ
ડિઝાઈન
સમય : સવારે ૧૧.૩૦ થી ૮.૦૦
(ગુરૂવારે બંધ)
વધુ વિગત માટે સંપર્ક
Call : 8169873626
ખાસ વિશિષ્ટતા
ચુડીદાર સુટ, શેરવાની સુટ અને ધોતી સુટ, સ્પે.રાજનીતિ મોદી સુટ

# શ્રદ્ધાંજલિ



## હીરબાઈ રતનશી પાશ્વીર ડાઘા (ઉ.વ.૮૫)

### વરાડીયા-કચ્છ

જીવન એવું જીવી ગયા કે સૌના પથ દર્શક બની ગયા,
ધર્મ-કર્મ, સેવા-સૌજન્ય થકી સૌના દિલમાં વસી ગયા.

તમારા આદરણીય ગુણો, વાત્સલ્યતા અને વ્યવહારિક સમજના
સદ્‌ગુણો જીવનની પ્રત્યેક ક્ષણ અમે વિસરશું નહીં
તમારી યાદ અમારા હૈયે મહેંકતી રહેશે

શોકાતુર

**પરિવાર મિત્રો તેમજ સ્નેહી-સ્વજનો**

# ક.દ.ઓ. જૈન મહાજન, નાગપુર અને મહિલા મંચ દ્વારા શરદોત્સવનું આયોજન



તા.૨૮ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ ક.દ.ઓ. જૈન મહાજન, નાગપુર અને મહિલા મંચ દ્વારા શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

જ્ઞાતિના સભ્યોએ મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ગરબા ડાન્સમાં બિજલ નિતીન માલાણી અને રુપલ પ્રફુલ પોલડીયાને અનુક્રમે પહેલું અને બીજું ઈનામ મળ્યું હતું.

દાંડિયા રાસમાં સીએ મિલીંદ સી.પટેલ વિજય નીવડયા હતા. દુધ પૌવા અને ડિનર માણ્યા પછી સૌ પ્રેમપૂર્વક છુટા પડયા હતા.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની વાર્ષિક-સામાન્ય સભા મંગળવાર તા.૨૦ નવેમ્બર ૨૦૧૮ના રોજ મસ્જિદ બંદર, મુંબઈ ખાતે

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની એક **સામાન્ય સભા સંવત ૨૦૭૫ના કારતર સુદ ૧૩ના મંગળવાર તા. ૨૦-૧૧-૨૦૧૮ના સાંજના ૬.૩૦ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી**ના ઉપાશ્રયમાં નીચે દર્શાવેલ કાર્યસૂચી પર **વાર્ષિક-સામાન્ય સભા**માં ચર્ચા વિતારણ અને નિર્ણય લેવા બાબત એકત્ર થશે.

## કાર્યસૂચી

૧. ગત તા. ૧૮-૦૯-૨૦૧૮ ની સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી.

૨. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ વ્યવસ્થાપક સમિતિની સભામાં સર્વાનુ મતે મંજુર કરવામાં આવેલ વર્ષ ૧૬-૧૭-૧૮-૧૮ અન્વેષિત (Audited) હિસાબોને મંજૂરી આપવા બાબત.

૩. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો ના સર્વાનું મતે મંજુર કરવામાં આવેલ વર્ષ ૨૦૦૭, ૨૦૦૮, ૦૮-૦૯, ૦૯-૧૦, ૧૦-૧૧,૧૧-૧૨, ૧૨-૧૩, ૧૩-૧૪, ૧૪-૧૫, ૧૬-૧૭ના અન્વેષિત (Audited) હિસાબોને મંજુરી આપવા બાબત.

૪. પ્રમુખશ્રી મંજુરીથી કે તેમના દ્વારા જે રજુઆત થાય તે.

એજ.લિ.

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ** વતી

**રમેશ હીરજી લોડાયા, ચેતનકુમાર ખીમજી મોમાયા**

*(માનદ મંત્રી)*

## નોંધ : -

૧. સભાના મુકરર થયેલ સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા બંધારણની કલમ ૧૨ (૧) મુજબ મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે.

૨. મુલત્વી રહેલી સભામાં કાર્યસૂચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સંમતિથી અથવા કોઈ રીતે નવીન કાર્યો હાથ ધરી શકાશે નહીં.

૩. (ઓડિટેડ) અન્વષિત હિસાબોની નકલ મહાજનશ્રીની અને ટ્રસ્ટની ઓફિસમાં જોવા માટે ઉપલબ્ધ છે. સમય બપોરના ૩.૦૦ થી ૫.૦૦ દરમ્યાન સંપર્ક કરવો. ટ્રસ્ટ અને મહાજનના હિસાબો બાબત તા. ૧૭-૧૧-૨૦૧૮ ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી આવેલા લિખિત પ્રશ્નોનાજ ખુલાસા સામાન્ય સભામાં આપવામાં આવશે તેની નોંધ લેશાજી.

# સમસ્ત જૈન સમાજના સમૂહલગ્ન અંગે વર-કન્યા પક્ષના વડીલોની બેઠક યોજાઈ



શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા આગામી ડિસેમ્બર માસમાં કચ્છમાં લીલાશા કુટિયા આદિપુર મધ્યે યોજાનાર સમસ્ત જૈન સમાજનાં સમૂહલગ્નોત્સવ-૨૦૧૮ અંગે વર-કન્યા પક્ષનાં વડીલો સાથે એક બેઠક એકમ-ભવન ભુજ મધ્યે ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈનનાં માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.

ગ્રુપનાં ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલ, મંત્રી પ્રબોધ મુનવર, ગુલાબ મોતા, જયાબેન મુનવર, ગુણવંતીબેન મોતા, રેખાબેન લોડાયાની ઉપસ્થિતમાં યોજાયેલી બેઠકમાં વર-કન્યાપક્ષનાં વડીલોને ઘરે કોઈપણ જાતનાં ખોટા ખર્ચ ન કરવા સમજ આપવામાં આવી હતી. વર કન્યાપક્ષનાં વડીલોને લગ્નની પત્રિકાઓ તથા સમૂહલગ્નમાં જોડાયેલ કન્યાઓને ચણિયાચોલી તથા લગ્નમાં પહેરવાનાં વસ્ત્રો ગ્રુપ દ્વારા અર્પણ કરાયા હતા.

વર-કન્યાપક્ષનાં વડીલોનાં સૂચનો પણ ધ્યાને લેવામાં આવેલ. સમૂહલગ્નનાં આયોજન અને વ્યવસ્થાઓની સમજ આપવામાં આવેલ. બેઠકનું સંચાલન પ્રબોધ મુનવરે કરેલ.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ક.દ.ઓ. યુથ ફોરમ કોઈમ્બતુર દ્વારા દિવાળીની ઉજવણી










કોઈમ્બતુર શહેરની બહાર આવેલી આદિવાસી સરકારી વસાહતી સ્કુલના ૬૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્ય ભોજન આપીને કોઈમ્બતુરના ક.દ.ઓ. યુથ ફોરમે દિવાળીની અનોખી રીતે ઉજવણી કરી હતી.

સ્કૂલના બાળકોના એકંદર વિકાસ માટે એમને કેરમબોર્ડ સહિતના રમતગમતના સાધનો પણ વહેંચવામાં આવ્યા હતા. ક.દ.ઓ. મહાજનના સેક્રેટરી શ્રી લિતીન એન.લોડાયા અને અચલગચ્છ જૈન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી નિતીન કે. લોડાયાએ આ પ્રસંગમાં હાજર રહીને પ્રસંગને શોભાવ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહાજનના અન્ય સક્રિય સભ્યોએ પણ સેવા આપી હતી. પ્રોત્સાહન તથા મદદ માટે ક.દ.ઓ. યુથ ફોરમે આ સર્વે મહાનુભાવોનો આભાર માન્યો હતો.

આ પ્રકારના કાર્યક્રમો દર મહિને યોજવાનું પણ ક.દ.ઓ. ફોરમે નક્કી કર્યું હતું.

# સંમેલન શા માટે નહીં? – રાજેન્દ્ર મણીલાલ ખોના

**તૃતીય સંમેલનના પ્રમુખશ્રી**



ટૂંક સમયમાં સંમેલન કચ્છ મુકામે થવા જઈ રહ્યું છે. જેના માટે પણ અંતઃ તૃતીય સંમેલન ખૂબ જવાબદાર છે. કારણકે તૃતીય સંમેલનના સમાપન પ્રસંગે આગામી સંમેલન કચ્છમાં ભરવું એવી ભાવના સાથે સર્વે જ્ઞાતિજનો છુટા પડ્યા હતા. જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાના જન્મ સ્થાન નલિયાએ આ બીડુ ઝડપતાં આપણને નલિયા મુકામે એકત્ર થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે.

તૃતીય જ્ઞાતિ સંમેલન ૧૯૯૧ને આજે ૨૭ વર્ષના વહાણા વાઈ ચુક્યા છે. એક આખી પેઢી બદલાવાના આરે આવીને ઊભી રહી ગઈ છે. આ અગાઉ જ્ઞાતિએ આઠ-આઠ, દસ-દસ વર્ષના લગાતાર દુષ્કાળો પણ જોયા છે. અને દેશ દેશાવર તથા મુંબઈના મહાજનો અગ્રેસર થઈ પોતાનું સહભાગ પાઠવ્યો છે. આપણા જ્ઞાતિજનો હસ્તકના તથા આપણી પાંજરાપોળોમાં ઢોરોની સંખ્યા ઘણીજ ઘટી ગઈ છે, અને તેને સુચારૂ રીતે ચલાવવા આપણી જ્ઞાતિની સંસ્થાઓનું કચ્છમાં વહીવટ કરનારા ખૂબજ સક્ષમ છે. તથા તેમને મજબૂત રીતે સહાયભૂત થવા આપણે સંમલનમાં યથાર્થ રીતે નક્કી કરશું માટે સંમેલન થવું અત્યંત જરૂરી છે.

સંમેલન એક એવું મંચ છે, જ્યાં જ્ઞાતિજનો પોતાની રીતે પોતાની વાતો રજૂ કરી શકે તેના માટે યથાર્થ દલીલો કરી શકે અને તે વાતને પરિપૂર્ણ રીતે જ્ઞાતિના ઉપયોગમાં જોડી શકે. આવા વાતાવરણની અંદર જ્ઞાતિના નવોદિતોને પોતાની વાતો રજૂ કરવા માટેનું મહત્વનું પ્લેટફોર્મ એટલે સંમેલન છે એટલે સંમેલન ભરવું, સંમેલન ભરવા માટે સહયોગ કરવો તથા સંમેલનમાં હાજર રહેવું એ દરેક જ્ઞાતિજનોની પવિત્ર ફરજ છે.

આ સંમેલનમાં ઉપસ્થિત રહીને થનારા સંમેલન બાબત જ્ઞાતિ ઉપયોગી સુઝાવો મુકીને આ સંમેલનના કાર્યો માટે પોતાથી થાય એટલો શ્રમ કરીને શારીરીક યોગદાન આપીને એનો પ્રચાર કરીને પણ આપણે અનુમોદના કરી શકીએ છીએ. આ અનુમોદનાથી આપણું આવશ્ય શુભકર્મ બંધાય છે.

સંમેલનમાં પહોંચવા માટે અનેક વ્યવસ્થાઓ સંમેલનના યજમાન મહાજનના શ્રેષ્ઠીઓ કરી રહ્યાં છે. બાકી પોતાના સ્થાનથી કચ્છ સુધી પહોંચવા માટે સર્વે પોતાના પ્રયત્નો કરવાના છે. તો સંમેલનમાં પહોંચવાનું પહેલા મન બનાવો અને પ્રયત્ન કરો.

આશા છે આ વાતને ગહનતાથી સ્વીકારી આપ સર્વે સંમેલનમાં પધારવાની પોતાની પ્રતિબધ્ધતા નક્કી કરો અને પ્રત્યેક મહાજનોને વિનંતી સંમેલનમાં આવવા ઈચ્છતા તમામ જ્ઞાતિજનોને યથાર્થ પ્રતિનિધિ કે નિરીક્ષક તરીકે મોકલવા મદદરૂપ થશો.

(અગાઉના બે અંકમાં છપાયેલ લેખનો સારાંશ... હવે આગળ વાંચો...)

# સંમેલન શા માટે નહીં? – રાજેન્દ્ર મણીલાલ ખોના

ગતાંકથી આગળ વધતા મિત્રો હવે આપણે અગાઉના સંમેલનો ઉપર એક વિશાળ દ્રષ્ટિ નાંખીયે ખીયે આપણી જ્ઞાતિનું પ્રથમ સંમેલન આઝાદી પ્રાપ્તિના બે મહિનામાં જ મુંબઈમાં યોજાયું. જેનું પ્રમુખ સ્થાન મૂળ ગામ તેરા નિવાસી શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજીએ લોકલાગણીને માન આપીને સંભાળ્યું. એ કાળમાં આઝાદીનો સાંપ્રત કાળ હતો, હજી ભારત પોતાના અસ્તિત્વની પાપા પગલી માંડી રહ્યો હતો. બીજી તરફ પાકિસ્તાન પ્રેરિત કબાઈલીઓ કાશ્મીરમાં અડધે સુધી ઘૂસી આવ્યા હતા. એ તંગ કાળમાં શેઠશ્રી કોંગ્રેસ તથા શાસનના કાર્યોમાં ખૂબજ વ્યસ્ત હતા એટલે જ્ઞાતિ મોવડીઓએ તેમને જે રીતે દોર્યા એ રીતે દોરાયા હતા.

આ રીતે પ્રથમ સંમેલનમાં કુલ ૨૭ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા જે વિગતવાર જેના રજૂકર્તા તથા તેને ટેકો આપનારના નામ સહિત જ્ઞાતિમૈયા અંક ૧૯ તા.૨૦ ઓક્ટોબરથી ૨૬ ઓક્ટોબરના અંકમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ રીતે એ ઠરાવોના અન્વયે પ્રથમ સંમેલનની ફળશ્રુતિ રૂપે મધ્યસ્થ મહાજન અસ્તિત્વમાં આવ્યું તથા કાર્યરત થયું. આ જ સમયગાળા દરમિયાન શેઠશ્રી ભવાનજીભાઈની કોંગ્રેસના રાષ્ટ્રીય ખજાનચીપદની સાથે દેશના સંવિધાન (બંધારણ સમિતિ)ના સભ્ય તરીકે નિમણુંક થઈ અને તેઓશ્રી ખૂબજ વ્યસ્ત રહેવા લાગ્યા. તેમનો મુકામ મુંબઈમાં ઓછો અને દિલ્હીમાં વધતો ગયો.

ઈ.સ.૧૯૫૦માં ભારતનું બંધારણ ઘડાઈને તૈયાર થયું જેના પર પંડિત જવાહરલાલ નહેરૂ, ડૉ. ભીમરાવ આંબેડકર જેવા મહાનુભાવોની સાથે શેઠશ્રીના પણ હસ્તાક્ષર છે. તે વાત જ્ઞાતિ માટે ખૂબજ ગૌરવ અપાવનારી છે. ત્યારપછી યોજાયેલ સંસદની પ્રથમ ચૂંટણીમાં શેઠશ્રી કચ્છની બેઠક ઉપરથી સાંસદ ચૂંટાયા. કચ્છની સીટ ઉપરથી શેઠશ્રી લાગલગાટ બે ટર્મ સુધી એટલે કે દશ વર્ષ સુધી સંસદમાં પોતાની સેવા આપી. આ બાબતનો રેકોર્ડ હજી પણ કાયમ છે કારણ કે કચ્છની સીટ ઉપરથી અન્ય કોઈપણ વ્યક્તિને બે વાર ચૂંટાવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું નથી.

એક તરફ શેઠશ્રીની વ્યસ્તતા રાષ્ટ્રીય નેતા તરીકે વધતી ચાલી. તે સાથે સાથે શેઠશ્રીનું ધ્યાન મધ્યસ્થ મહાજનના રોજબરોજના કાર્ય પરથી ઓછું થતું ગયું. શેઠશ્રીની જ્ઞાતિ માટે કાંઈને કાંઈ કરી છૂટવાની અદમ્ય ઈચ્છા હતી પણ જ્ઞાતિના તે સમયના મોવડીઓ શેઠશ્રીના કદમથી કદમ તાલ મિલાવી શક્યા નહિ અને ધીમેધીમે પાછળ રહેતા ગયા. પ્રથમ સંમેલનમાં અસ્તિત્વમાં આવેલ મધ્યસ્થ મહાજન પોતાના કાર્યભારનો મધ્યાન્હ જોયા વગર જ ક્યારે અસ્તાચળે પહોંચી ગયો એની જ્ઞાતિને ખબર સુધા પડી નહિ.

એ સમયે જ્ઞાતિના મૂળ મહાજનો સિવાય ભારતમાં અન્યત્ર વસતા જ્ઞાતિજનો મુંબઈ મહાજનશ્રીના સભ્ય ગણાતા અને લાગા વગેરે ભરતા. ત્યારે જ્ઞાતિની વસ્તી કચ્છમાં ખૂબજ સારી રીતે હતી. ભણતર માટે શેઠશ્રી નરશી નાથા નલિયા બાલાશ્રમ વિદ્યાવાંચ્છુક બાળકો તથા યુવાઓથી ધમધમતું હતું. ૧૯૫૦ના દાયકાથી ધીમેધીમે વધુ વિદ્યાભ્યાસ માટે મુંબઈ તરફનો પ્રવાસ શરૂ થયો.

# જીવદયા અને માનવસેવાના ઉતમ કાર્ય કરનાર પ્રબોધ મુનવરના સેવાકાર્યનું સન્માન કરાયું



ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી દ્વારા મુક્ત જીવન સ્વામીબાપા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ભુજ મધ્યે યોજાયેલા  ટેબલેટ વિતરણ કાર્યક્રમાં કચ્છભરમાં માનવસેવા અને જીવદયાનાં શ્રેષ્ઠ કાર્યો કરનાર માનવજ્યોતનાં શ્રી પ્રબોધ મુનવરનું સન્માન ગુજરાત રાજ્યનાં શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસના હાથે કરાયું. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહિર, સંસદસભ્ય શ્રી વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી લક્ષ્મણસિંહ સોઢા, કચ્છ યુનિવર્સીટીના કુલપતિ શ્રી ચંદ્રસિંહ જાડેજા, ધારાસભ્યો ડૉ.નીમાબેન આચાર્ય, વિરેન્દ્રસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, પ્રધ્યુમનસિંહ જાહેજા, ભુજ નગરપાલિકા અધ્યક્ષા લતાબેન સોલંકીએ માનવજ્યોતની વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી. રાજ્યનાં શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાએ માનવજ્યોત સંસ્થાની કચ્છમાં ચાલી રહેલ પ્રવૃત્તિઓની સરાહના કરી શ્રી મુનવરને શ્રેષ્ઠ કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# ભાંડુપ જૈન સંઘમાં વિશ્વાસે વા'ણ હલેતાંનો વાર્તાલાપ યોજાયો









તા.૨૮.૧૦.૨૦૧૮ રવિવારના પ.પૂ.સા.શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા પાંચની તારક નિશ્રામાં કચ્છ નલિયાના મા.ભાગબાઈ ભાગ્યચંદ પટેલ પરિવારના રામૈયા તથા પસાઈચા બંધુ બેલડીની ગુરૂશ્રધ્ધા વફાદારી અને વિશ્વાસની પૂ.સા.શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.એ પ્યોર અને નક્કર કચ્છી ભાષામાં વાર્તા કહેતા ૩૭૫ જણ પધારી આનંદ વ્યક્ત કર્યો હતો. શ્રી ક.દ.ઓ.જૈન સંઘે આયોજન કરતા મહાજનશ્રીના પ્રમુખ કલ્પેશભાઈ મોતા અને વિવિધ મહાજનો મંડળોના પદાધિકારી પધાર્યા હતા અને શ્રી સંઘે આયંબીલ ઓળીના દાતા મા. વેલબાઈ લધુભાઈ લોડાયા પરિવારનું ગૌરવ કર્યું હતું. મનોજ લોડાયાએ સખ્ત પરિશ્રમ કર્યો.



# પૂ.ઉદયરત્નસાગરજી મ.સા.ની નિશ્રાના સહુ કાર્યક્રમો રોજે રોજે યુટયૂબ ઉપર જોવા મળશે

શ્રી ગોરેગાંવ અચલગચ્છ સંઘના મંત્રીશ્રીઓ દ્વારા અપાયેલી માહિતી પ્રમાણે સૂરિ ભગવંતોની કૃપાએ પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા પ.પૂ.મૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની નિશ્રામાં થયેલા, થઈ રહેલા અને ભવિષ્યમાં નિત્ય થનારા પ્રત્યેક કાર્યક્રમોને ઘેરબેઠા જોવા જાણવાને માણવાની અદ્‌ભૂત, અમૂલ્ય તક યુટયૂબ ઉપર UR Parivar માં પોતાનું ખાતું ખોલાવી - સબસ્ક્રાઈબ કરી એ ભવ્ય કાર્યક્રમો, પ્રવચનો સાંભળી, અનુમોદી અને ધર્મ માર્ગે આગળ વધો. પોતાના સર્કલ ગ્રુપોમાં આ માહિતી સર્વેને આપો જેથી UR Parivar માં કંઈકને કંઈક યંગ જનરેશન સ્પર્શતા વિષયોને પણ એમાં નિહાળી શકાશે. આમાં જૈન તેમજ જૈનેતર-અજૈનો પણ ધર્મથી જોડાઈ લાભ પામી શકે છે.

# દેવલાલી મધ્યે સપ્તન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન

શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલય, શ્રીમતી માલતીબેન જયંતિલાલ ભવાનજી સેનેટોરિયમ લામ રોડ દેવલાલી મધ્યે તા.૧૮ જાન્યુઆરી ૨૦૧૯ થી ૨૪ જાન્યુઆરી ૨૦૧૯ સુધી સપ્તન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયું છે.

આ પ્રસંગે સૌ જ્ઞાતિજનોને પધારવા અને મહોત્સવનો પ્રેમપૂર્વક લાભ લેવા ભાવભર્યું આમંત્રણ શ્રી અનંત આરોગ્યનિધિ ટ્રસ્ટ દ્વારા અપાયું છે.



*World is changing rapidly...*

*Todays everything is available on one CLICK at our door steps....*

# KDO B2B

has formed a platform for our own KDO community to multiply our business Opportunities.

## Lets all take one step to digitise our kdo businesses by connecting them in the thread of KDO B2B.

*Lets transform our businesses by taking them to the next level. And first step is to simply click the link given below and fill up the form as Soon as possible .....*

**b2b.kdosamastamahajan.org**

- first 500 business will be posted free in our website in B2B portal.
- huge business opportunities amongst our community and their contact spheres awaits you. So don't wait and go for it.
- enhance your entraprenuerial skills by being part of eminent KDO business community.



# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



**Name : CHAITALI BHARAT DHARAMSHI**

**Birthdate :** 14/10/1989

**Birth place :** Hyderabad(Ap)

**Height :** 5'3.

**Weight :** 58.kgs.

**Qualification :** Bcom (PG in BBI )

**Occupation :** Work in banking sector

**Hobby :** Singing & Dancing

**Edu in Dharmik :** 5 pratikaman.

**Family Details**

**Dadi :** Laxmiben lalji dharamshi.

**Father :** Bharat lalji dharamshi.

**Mother :** Naina bharat dharamshi.

**Young bro :** Akshay bharat dharamshi.

**Resi. Address :** 8, Suyog apartment, Tambenagar, Mulund west, Mumbai-80.

**Native place :** Kothara - Kutch.

**Mob.:** 9930450898 /9324042729

Gyatimaiya KDO Mahajan Code No. G-10



**Name :** Rahul Hirachand Chheda

**Father :** Hirachand Kalyanji Chheda

**Mother :** Lata Hirachand Chheda

**Residential Address :** 15, Laxman Rekha, 2nd Floor, Opp. New Don Bosco School, Ghan Shyam Gupte Road, Dombivli (West) – 421202.

**Native Place :** Varapadhar (Kutch)

**Contact Number :** 9819872406, 920822011

**Date of Birth :** 08th December 1985.

**Time of Birth :** 11.43pm

**Place of Birth :** Charni Road (Mumbai)

**Height :** 5.7”

**Weight :** 65kgs

**Complexion :** Fair

**Blood Group :** AB+

**Educational Qualification :** Graduation in Commerce (B.Com)

**Professional Qualification :** Accountant
Film Farm India Pvt. Ltd.
Unit No. 435, 4th Floor,
Bldg. No.9, Laxmi Plaza,
New Link Road, Andheri (W),
Mumbai – 400 053.

Gyatimaiya KDO Mahajan Code No. B-8

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

## નારી સશક્તિકરણ સમિતિ આયોજિત

# નારી શક્તિ ૨૦૧૮

**તાઃ ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ થી ૨૫ ડિસેમ્બર ૨૦૧૮માં સહભાગી થાવ**

**યોગ્યતાના ધોરણે ૩૦૦ મેમ્બરોને આમંત્રણ આપવામાં આવશે.**

આ સેમિનારનું મુખ્ય આકર્ષણ આમાં હેલ્થ, કાયદાકીય, નાણાંકીય વિષયક જાગૃતિ, વ્યાપાર રોજગારમાં પ્રગતિ, પ્રેરણાયીક વિચારો સાથે વ્યક્તિત્વ વિકાસ વિશે માર્ગદર્શન અપાશે. ★ એન્ટ્રી નિશુલ્ક ★ નોંધણી ફરજિયાત

**ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૫ ઓક્ટોબર ૨૦૧૮**

**વિગતો માટે સંપર્ક કરો :**

**મનીષભાઈ લોડાયા - ૯૭૬૯૯ ૯૧૯૨૨**

---

## Shree Samast KDO Jain Mahajan YUVA Committee Organise




So pull up your socks & get ready for

* Power Packed Seminars * Enlightment on Goal Setting * Vision Development * Treasure Hunt * Team Building Games * Campfire * Garba Night ......and much more

**Date: 23 Dec. 2018 To 25 Dec. 2018**

Criteria :

*** 16 yrs to 35 yrs Unmarried * Limited Seats**

*** No Entry Fees * Registration Compulsory**

Hope to see you all in Huge Numbers.

For Details Contact : **9769502277, 9579787800, 9769991922**

**Venue: Naliya, Kutch**

K.D.O. STUDENTS ASSOCIATION
ESTD. -1954

# SPARDHA 2K18

*Get ready for double fun*

**On 18th November 2018**
**8 am onwards**
**at Kalidas Sports Complex**



## SPONSORED BY:

- ★ Matushree Bhartiben Virchand Poladia
  Haste - Ketulbhai Virchand Poladia
  (M/s. Supreme Sofa & Furniture)(Dombivli - Bayath)

## PRIZES & TROPHIES SPONSOR:

- ★ Mahavir Trophies
  (Unit of Shree Mahavir Sports-Mulund)

## FOOD SPONSOR

- ★ Mrs. Pinkyben Kamlesh Dharamshi
  (Bhandup - Jasapar)
- ★ M/s. Tikitar Industries (Mumbai)

### TEAM NAMES

- ORANGE ORACLES
- YELLOW NINJAS
- GREEN GREMLINS
- BLAZING BLUES

*Lagori,*
*Kho-Kho,*
*Three Legged Football,*
*Tug of War,*
*Square Ball,*
*Spider Web,*
*Human Basket,*
*Andhadhun,*
*Fun Game.*

**MEDIA PARTNERS**

જ્ઞાતિમૈયા
જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર
ગુર્જરમાત
વોઈસ ઓફ ઘાટકોપર

HEMIL JAYESH DAND (PRESIDENT)

Follow us on / SHREEKDOVS

|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી અંબામાતાય નમઃ || || શ્રી ભલારાદાદાય નમઃ ||



# સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાજીની ૨૫મી સમુહ પહેડી

**રજત જયંતી સમુહ પહેડી નિયાણી બહેનોને સમર્પિત**

સહર્ષ જણાવવાનું કે સમસ્ત છેડા ગોત્રના કુળદેવી **શ્રી અંબામાતાજીની ૨૫મી સમુહ પહેડી**નું આયોજન સંવત ૨૦૭૫ કારતક વદ ૧૦ ને **રવિવાર, તા. ૨/૧૨/૨૦૧૮** નાં શુભ દિને કરવામાં આવેલ છે.

આ શુભપ્રસંગે છેડા ગોત્રના સર્વે ભાવિકો તથા છેડા ગોત્રની નિયાણી બહેનોને સહ પરિવાર પધારવા નિમંત્રણ છે.

## ◈ કાર્યક્રમની આછી રૂપરેખા

- **માતાજીની છબીની સ્થાપના : સવારના ૯.૧૫ કલાકથી**
- **ભક્તિ સંગીત : સવારના ૯.30 કલાકથી**
- **પહેડી પ્રસાદ : બપોરના ૧.૧૫ કલાકથી**
- **ઉત્થાપન : બપોરના ૨.30 કલાકથી**
- **સરસ્વતી સન્માન : બપોરના 3.00 કલાકથી**

## ◈ શુભ સ્થળ ◈

**સારસ્વત વાડી,**
**ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ),**
**મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

## ◈ વિશેષ કાર્યક્રમ ◈

**નિયાણી બહેનો તરફથી આયોજન કરવામાં આવેલ છે.**

**• વિષય : 'કુટુંબ વડીલ વંદના'**

**• શ્રી ઉત્તમ છેડાના સંગીતના સથવારે સુંદર રજુઆત કરશે. • સમય : સાંજના ૫.30 કલાકથી**

**• ડિનર : રાતના ૮.30 કલાકથી**

## -: વિશેષ નોંધ :-

• આપની સમયસરની હાજરી અમને અને સંગીતકારને પણ પ્રોત્સાહિત કરે છે. સવારના પાંખી હાજરી ને કારણે કાર્યક્રમની શરૂઆત કરવામાં મોડું થઈ જાય છે. તેથી સવારના ૯.30 કલાક સુધી સર્વેને હાજર થઈ જવા નમ્ર વિનંતી. • પહેડી દરમ્યાન કાળાવસ્ત્રો પહેરવા વર્જીત છે. • છેડા ગોત્રના સંતાનો તેમજ નીયાણીઓના સંતાનો જેમણે શાળામાં ૧ થી ૯ સુધી ૭૫%, S.S.C.થી S.Y. સુધી ૭૦%, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ પાસ થયેલ દરેક વિદ્યાર્થીઓએ તેમની તેમણે માર્કશીટની ઝેરોક્ષ કોપી તા. ૧૫-૧૧-૨૦૧૮ સુધી નીચેના સરનામે ઓર્ડીનરી પોસ્ટથી પહોંચાડવા વિનંતી. પહેડી દરમ્યાન બહુમાન કરવામાં આવશે. માણેકજી વસનજી છેડા, ફ્લેટ નં.30૫, હોરાઈઝન ફ્લોરા, કસ્તુરબા રોડ, મુલુંડ (વે). • જાહેરાત ખર્ચ, પ્રસાદી ખર્ચ, નિયાણી બહુમાન ખર્ચ, સંગીત ખર્ચ માટે સ્પોનસરશીપ આવકાર્ય છે. જે પણ ભાવિકોને ઈચ્છા હોય તો કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી. • દરેક ભાવિકો તથા છેડા ગોત્રની નિયાણી બહેનોને પોતાના નામ, સરનામા, મોબાઈલ નંબર તથા ઈ-મેલ સરનામું ત્વરિત કાર્યકર્તાઓને મોકલવા નમ્ર વિનંતી. • રજત જયંતી ઉજવણીને ધ્યાનમાં રાખી નીચેના ડ્રેસ કોડમાં પધારવા નમ્ર વિનંતી. નિયાણી બહેનો તથા ભાવિકાઓ : ખોંભાના છાયલા (ઘરચોડો) અથવા બાંધણી. ભાવિકો : સફેદ કુરતા પાયજામો પહેરવા વિનંતી. • સમય મળશે તો અન્ય કાર્યક્રમ સાજના સમયમાં ઉમેરવામાં આવશે. **• બહારગામથી હાજર રહેવા ઈચ્છતા ભાવિકોને માટે ઉતારાના વ્યવસ્થા કરવામાં આવશે. તેથી જેમને પણ ઉતારાની સગવડની જરૂરત હોય તો કાર્યકર્તાઓને ૩૧મી ઓક્ટોબર સુધીમાં આવવાની તારીખ તથા સંખ્યાની જાણ કરવા વિનંતી.**

**છેડા ગોત્રના શ્રી અંબામાતાજી સમુહ પહેડી સમિતિ વતી જય અંબે વાંચશોજી.**

## વધુ વિગત માટે સંપર્ક સાધો

| | | | | | |
|---|---|---|---|---|---|
| માણેકજી વસનજી છેડા | મુલુંડ | ૯૮૧૯૫૫૬૭૬૭ | દામજી ચાંપશી છેડા | મુલુંડ | ૯૩૨૩૮૬૫૦૩૨ |
| શાંતીલાલ લાલજી છેડા | મુલુંડ | ૯૩૨૧૪૭૮૨૭૦ | હિરાચંદ ધનજી છેડા | ડોંબિવલી | ૯૩૨૧૩૭૮૯૯૯ |
| પિનાકિન જેઠાભાઈ છેડા | મુલુંડ | ૨૫૬૮૬૪૬૮ | ઉમેશ સુરેશચંદ્ર છેડા | મુલુંડ | ૯૮૩૩૫૯૭૪૬૫ |
| કુમાર પ્રેમચંદ છેડા | મુલુંડ | ૯૮૧૯૯૧૯૭૮૩ | ભરત શામજી છેડા | કાંજુરમાર્ગ | ૯૩૨૦૨૧૮૪૦૫ |
| કિશોર શામજી છેડા | ઘાટકોપર | ૯૭૫૭૦૫૩૬૬૭ | નરેશ પ્રેમચંદ છેડા | માટુંગા | ૯૯૬૭૬૫૪૬૫૯ |
| કમલેશ ઝવેરચંદ છેડા | મુલુંડ | ૯૮૨૦૬૩૮૪૫૭ | જયેશ નવિનચંદ્ર છેડા | ભાંડુપ | ૮૬૭૩૬૮૯૭૦ |

# જાહેર વિજ્ઞપ્તિ

**શ્રી કચ્છી દશા ઓશવાલ  જ્ઞાતિજનો જોગ,**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનના દરેક મહાજનોને જ્ઞાત જ હશે કે આપણી જ્ઞાતિનું ચર્તુથ સંમેલન ૨૭ વર્ષના વહાણા બાદ કચ્છ-નલીયા ખાતે યોજાઈ રહ્યું છે. કચ્છમાં સંમેલનનું આયોજન કરવું ભગીરથ કાર્ય છે. કચ્છના અન્ય મહાજનો/સંસ્થાઓ તથા સૌ જ્ઞાતિજનોના સથવારે આપણે આ કાર્યને પહોંચી વળશું. આ સંમેલનમાં પ્રતિનિધિ તરીકે સામેલ થવા માટે આપણા દરેક મહાજનોને પત્ર સાથે ફોર્મ મોકલેલ છે. 'દર દશ (૧૦) ઘર દીઠ એક પ્રતિનિધિ' મુજબ પ્રતિનિધિની નિમણુંક કરવાની હોઈ આપના સ્થાનિક મહાજનનો સંપર્ક કરી આપનું પ્રતિનિધિ તરીકેનું ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવી લેશો તથા દરેક મહાજનશ્રીઓને પણ વિનંતી છે કે તેઓ પ્રતિનિધિના ફોર્મ ભરીને જલ્દીથી જલ્દી શ્રી સમસ્ત મહાજનની મુલુંડ ખાતેની ઓફીસે મોકલશો. શરતચૂકથી અગર કોઈ મહાજનને ફોર્મ ના મળી શક્યું હોય તો તેઓ gyatimaiya2018@gmail.com પર પોતાની mail id પર થી mail કરશો તો તમોને તુરંત ફોર્મ મેલ દ્વારા મોકલી શકીશું. આ સંમેલનમાં નારી શક્તિ ૨૦૧૮ તથા યુથ ફેસ્ટ ૨૦૧૮નું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા માટે ગુગલ ફોર્મની લીંક આ અંકમાં સામેલ હોઈ જલ્દીથી જલ્દી રજીસ્ટર કરી આપનું સ્થાન સુનિશ્ચિત કરી લેશોજી.

આપના સાથ-સહકારની અપેક્ષા સહ :

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન,**

**૨, બી-વિંગ, કૃષ્ણકુંજ બિલ્ડીંગ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

**સંપર્ક : મનિષ લોડાયા : ૯૭૬૯૯૯૧૯૨૨**





## જ્ઞાતિમૈયા માં

## આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટ્સએપ પર મોકલો**

**9769991922**

**9820302853**

**9322257731**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● રાપર લોહાણા મહાજન દ્વારા યોજાયેલ સરસ્વતી સન્માન પ્રસંગે દરિયાસ્થાન મંદિર રાપરના મહંત સંત ત્રિકાલદાસજી મહારાજએ અન્નનો બગાડ નહીં કરીએ એવા શપથ દરેક જ્ઞાતિજનોને લેવડાવ્યા હતા.

● જૈનાચાર્યની પ્રેરણાથી ભુજ-ભુજોડી ઉપર આવેલા વર્ધમાન નગરના મહાવીર ખીચડીઘર દ્વારા દર રવિવારે ભુજોડી, કુકમા, લાખોંદ, ગડા પાટિયાના રોડ વિસ્તારોમાં રહેતાં શ્રમજીવી પરિવારોને ઝૂંપડામાં જઈ ભોજનીયા જમાડવાનો ક્રમ છેલ્લા સતત ૧૧ વર્ષથી ચાલુ છે જે હવે ૧૨મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. દર રવિવારે સવારે સાત વાગે છે. છકડો રિક્ષા દ્વારા જરૂરત મંદ શ્રમજીવીઓને ભોજન કરવાની પ્રવૃતિનો લાભ ૨૦૦ જેટલાં શ્રમજીવીઓ લે છે.

● ભારતભરમાં મહાવીર જૈન વિદ્યાલય ઊભા કરનાર પાર્શ્વ વલ્લભ ઈન્દ્રધામ તીર્થ પંજાબ કેસરી પ.પૂ. વિજયાવલ્લભ સુરિશ્વરજી મ.સા.ની ૬૪મી સ્વર્ગારોહણ તિથિ નખત્રાણા ગામે હેમલતા શ્રીજી મ.સા. આદિઠાણા ૮ની નિશ્રામાં આયંબિલતપ, અનંત લિબ્ધિ નિધાન ગૌતમ સ્વામી મહાપૂજા સહિત ના આયોજન દ્વારા કરવામાં આવ્યું હતું.

● આદ્યશક્તિની ઉપાસનામાં નાદનું એક અલાયદું મહત્વ છે. મંત્ર તંત્ર શક્તિની આરાધનામાં ડાકવાધના નિરંતર એકધારા નાદથી એક અલૈકિક માહોલ સર્જાતો હોય છે. માતાના મઢમાં આશ્વિન નવરાત્રિની આઠમના પતરી વિધિ રાજવી પરિવાર સભ્ય હસ્તે થાય છે. આ વિધિમાં માતાજીના જાગરિયા ચામરધારી સાથે ઊલટા પગે ચાલી ચાચરાકુંડથી મંદિરમાં પ્રવેશ કરે છે. ત્યારબાદ રાજ પરિવારના સભ્ય પતરી ઝીલવા માતાજી સમક્ષ નિજ મંદિરમાં જોળી પાથરીને ઊભા રહે છે. ત્યારે અગિયારથી વધુ ડાક વગાડનાર નિજમંદિરે ઉંબર બહાર ડાક વગાડે છે. પતરી મળવામાં વિલંબ થાય ત્યારે ડાક વગાડ નાર વીસી / ૨૦ શબ્દોની સ્તુતિ બોલીમા પાસે અરજ કરે છે. હે મા રાજાને પ્રસાદ આપો અરજ સાંભળી મા પતરીનો પ્રસાદ આપે છે. ટૂંકમાં આ વિધિ જાગરિયા, ડાકલિયા સિવાય કરવી શક્ય નથી.

● કંડલા વિશેષ આર્થિક ક્ષેત્ર-એસ.ઈ.ઝેડમાં વર્ષો થી ધમધમતા પ્લાસ્ટિક સ્ક્રેપ રિસાઈકલીંગ એકમો દેશમાં ૩૦ જેટલા પરવાને દારો છે. તેમાંથી ૨૧ જેટલા કંડલામાં કાર્યરત છે. આ સૌને કેન્દ્રીય બોર્ડ ઓફ એ પ્રુવલે રિન્યુ નહીં કરવાનો નિર્ણય કરતા આ તમામ યુનિરો બંધ જઈ જશે. વિદેશો માંથી પ્લાસ્ટિકને ભંગાર આયાત કરી. જેટલા ડોલરનો માલ આવ્યો હોય તેટલા જ ડોલરનો માલ રિલાઈકલ કરીને નિકાસ કરી આયાતી માલનો લગભગ ૪૦ ટકા હિસ્સો નિકાસ બાદનો બાકી માલ દેશમાં જ વેચાય છે.

● શિરવામાં જય માતાજી મંડળના ઉપક્રમે તથા શિરવા ભાનુશાલી મહાજન ટ્રસ્ટ તેમજ જામનગર-મુંબઈ પાંખના યુવાદાન દ્વારા રક્તદાન શિબિરમાં ૩૮૪ બોટલ ૧,૫૩,૬૦૦ સી.સી. રક્ત એકત્રિત કરી અમદાવાદ સિવિલ હૉસ્પિટલને સુપ્રત કરાયું હતું.

● કોઠારા ગામે આવેલા ઘાસ ડેપોપર અનિયમિત મળતા ઘાસ જથ્થાને કારણે પાંચ હજારથી વધુ ઘાસકાર્ડ ધારકો છે. દર પંદર દિવસે ૬ જેટલી ટ્રક ઘાસ આવે છે. પણ હવે આ પુરવઠો અનિયમિત થઈ જતાં ઘાસની ટ્રક આવતાં ધમાલ ધાંધલ મચી જાય છે.

● મૂળ કેરાના હીરાભાઈ રામજીભાઈ મેપાણી જે હાલે લંડન વસે છે તેઓ એ છ માસના સમયગાળામાં ત્રીજું ડાયાલિસીસ મશીન એલ.એન એમ લાયન્સ હૉસ્પિટલ ભુજને દાન કર્યુ.

# કાળધર્મ પામ્યા છે



પ.પુ.અભ્યુદયસાગરજી મ.સા તા.૫ નવેમ્બર સોમવાર સવારે કાળધર્મ પામેલ તેમનો દેહત્યાગ દહિસર મુકામે થયેલ.

તેમના દેહને દર્શનાર્થે બોરીવલી જાંબલી ગલી દેરાસરના હૉલમાં લાવવામાં આવેલ. પ.પુ. અભ્યુદયસાગરજી મ.સા.ની અંતિમયાત્રાની પાલખી તે જ દિવસે બપોરે ૩.00 વાગે જાંબલી ગલી, સંભવનાથ દેરાસર, બોરીવલી (વેસ્ટ)થી નીકળી લીંક રોડ થઈને બાભઈ નાકા સ્મશાનમાં પહોંચી હતી.

અંતિમયાત્રાના ચડાવા બપોરે ૨.30 વાગે લેવાયા. ઉદાસ હૈયે અને સજળ નેત્રે બહુસંખ્ય શ્રાવિકો તેમને અંતિમ વિદાય આપી હતી.

પૂજ્યશ્રીનું સંસારી નામ – આણંદજી કુંવરજી રાંભીયા, ગામ – મેરાઉ, ઉ.વ.૮૭, દીક્ષા – ૨૬/૧૧/૧૯૯૧, પાલીતાણા, દીક્ષા પર્યાય – ૨૭ વર્ષ, ગુરૂ – પ.પુ. આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.




# જીવન ઘટમાળ

**● જન્મ નોંધ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૮-૨૦૧૮ | વિદ્યાવિહાર | યુવાન, નેહા અંકિત નકુલ લોડાયા | સુથરી | પુત્ર |

**● આંતરજ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૧૧-૨૦૧૮ | મુલુંડ | ડૉ. દેવેન રાજેન્દ્ર મણીલાલ ફુરૂવા | ગોધરા | ૨૬ |
| | મુલુંડ | ડૉ. સમૃદ્ધિ સારંગ મનોહર દાની | મુંબઈ | ૨૫ |
| ૦૯-૧૧-૨૦૧ | ડોંબિવલી | અમર જીતેન્દ્ર ઉમરશી ગડા | ગુંદાલા | ૩૧ |
| | ડોંબિવલી | ખુશ્બુ મનોજ દેવશી ધ્રોળ | ગોધરા | ૨૯ |

**● જ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૧૧-૨૦૧૮ | ડોમ્બિવલી | ભાવિન રાજેશ શિવજી ધરમશી | રંગપુર | ૨૬ |
| | મુલુંડ | ઉર્મી ભાવેશ શાંતિલાલ છેડા | સુથરી | ૨૩ |

**● મરણ નોંધ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૧૧-૨૦૧૮ | મુલુંડ (પ) | નવીનચંદ્ર દામજી ધરમશી | ખાવડી મોટી | ૮૦ |
| ૦૭-૧૧-૨૦૧૮ | ઘાટકોપર (પૂ) | ધનલક્ષ્મી નિરંજન લોડાયા | રંગપુર | ૭૦ |
| ૦૯-૧૧-૨૦૧૮ | થાણે (પ) | હીરબાઈ રતનશી ડાઘા | વરાડીયા | ૮૫ |
| ૧૧-૧૧-૨૦૧૮ | મુલુંડ (પ) | નિર્મલાબેન લક્ષ્મીચંદ ખોના (મેઘાણી) | રંગપુર | ૮૭ |
| ૧૨-૧૧-૨૦૧૮ | જલગામ | સંધ્યા મનોજ ધરમશી | નલિયા | ૫૩ |






# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

## (ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 15/11/2018

* T&C APPLY

insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com ◆ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
## દ્વારા આયોજીત

**યજમાન : શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, નલિયા**

**સ્થળ : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલિયા અબડાસા, કચ્છ**

**મુખ્ય સહયોગી : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી, કચ્છ તેરા, માટુંગા**

**હસ્તે શેઠશ્રી હંસ બી. ખીમજી, તેરા માટુંગા**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**નીશિથ એ. દંડ**
**(સેક્રેટરી જનરલ)**

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com

**Gyatimaiya**
Weekly E-magazine